Vol. 13, Sp. Issue: 1, June: 2025
(IJRSML) ISSN: 2321 - 2853

# 'વેવિશાળ' નવલકથાના પાત્રોમાં જીવનમૂલ્યોનો આર્વિભાવ

**વર્ષાબેન મહેન્દ્રકુમાર પટેલ**
પીએચ.ડી. સ્કોલર (ગુજરાતી)
હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ

જીવનમૂલ્યો એટલે એમ કહી શકાય કે આપણા જીવનમાં રહેલા કેટલાંક મૂલ્યો જે વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે મહત્વના બની રહે છે. આપણે જાણીએ છીએ કે પ્રેમ, અહિંસા, પરોપકાર, કરુણા, રાષ્ટ્રપ્રેમ, બલિદાન, શાંતિ, નીડરતા, સદાચાર, શ્રદ્ધા, આતિથ્યતા, સહૃદયતા જેવા સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજનૈતિક તેમજ આધ્યાત્મિક મૂલ્યોનો આર્વિભાવ વ્યક્તિને સુંદર વ્યક્તિત્વ પ્રદાન કરે છે. જીવનમૂલ્યનિષ્ઠ શિક્ષણ વ્યક્તિ, સમાજ, દેશ, દુનિયાના લોકોના જીવનસ્તરના વિકાસ માટે મહત્વનું બની રહે છે. સાહિત્યમાં જીવનમૂલ્યોનું આલેખન સમાજ માટે અગત્યનું છે. સાહિત્યકારો જે જીવનમૂલ્યોનું આલેખન પોતાના સાહિત્યમાં કરે છે તેનાથી વાચકોમાં સદ્‌ગુણોનો વિકાસ થાય છે. ગુજરાતીની અનેક નવલકથાઓમાં જીવનમૂલ્યોનું આલેખન થયેલું છે. ઘણી જીવનમૂલ્યનિષ્ઠ કૃતિઓમાં ઝવેરચંદ મેઘાણીની કૃતિ 'વેવિશાળ' નવલકથાના પાત્રોમાં રહેલી મૂલ્યનિષ્ઠતા અનેક જીવનમૂલ્યોને ઉજાગર કરે છે.

નવલકથાના પાત્રોમાં સહાનુભૂતિ, સમજદારી, જવાબદારી પ્રત્યે સભાનતા, દયાનો ગુણ, ઉદારતા, સમસંવેદન, હિંમત જેવા સામાજિક, સાંસ્કૃતિક, નૈતિક મૂલ્યોનું આલેખન જોવા મળે છે. ચંપક શેઠ અને દીપચંદ નામના વેપારી કુટુંબી પોતાના બાળકોના લગ્ન કરવા માટે બંધનમાં જોડાય છે. પરંતુ ચંપકશેઠ મુંબઈના વસવાટ પછી શ્રીમંત બને છે અને દીપચંદનો દીકરો સુખલાલ કઈ કામ-ધંધો કરતો ન હોવાથી પોતાની ભણેલી-ગણેલી તેમજ સુશીલ દીકરીને (ભત્રીજી) સુખલાલ સાથે ન પરણાવવાની અભિલાષા રાખે છે. અહીં બે પરિવારોની આર્થિક અસમાનતા વિવાહ સંબંધની આડે આવે છે. પરંતુ અનેક માનવીય ગુણો ધરાવતા તેમજ સાત્વિક વૃત્તિવાળા પાત્રો ભાભુ (ચંપકશેઠની પત્ની) તેમજ ખુશાલની (સુખલાલનો મિત્ર સંબંધી) નૈતિક વિચારસરણથી વિવાહ તૂટતો અટકે છે. આમ, અહીં સદ્‌વૃત્ત - સદ્‌ગુણોનો વિજય જોવા મળે છે. પ્રેમ, સહાનુભૂતિ, સમજદારી, ધીરજ જેવા મૂલ્યો સુખલાલ અને સુશીલાને ભેગા કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

ચંપકશેઠનો સ્વભાવ કડક લાગે છે. પરંતુ તેમના નાના ભાઈની દીકરી સુશીલાને પોતાની જ દીકરી માને છે. મૃત્યુ પામેલ પત્નીથી કોઈ વારસદાર ન હોવાથી તેમજ એક પત્નીત્વનો ગુણ ધરાવનાર શેઠ સમસ્ત વારસાની માલિક સુશીલાને માનતા હતા. તેથી જ તેઓ તેમના થનાર જમાઈ સુખલાલને ભણાવવા તેમજ કામ-ધંધો કરવા માટે મુંબઈ બોલાવે છે. જેથી સુખલાલ સુશીલા માટે લાયક બને. સુખલાલને પણ સુશીલા

માટે સમસંવેદન પ્રગટે છે. તેથી મુંબઈ ધંધાર્થે આવેલા સુખલાલ સુશીલાની એક ઝલક જોવા માટે આખી રાત સામાન લાવવા-લઈ જવાની મહેનત કરે છે. આ બાબત સમજતી સુશીલા પોતાની સંવેદના પ્રગટ કરતાં કહે છે કે, “તમે જે કામના ઢસરડા કરો છો તેની મને ખબર છે, મારુ મન બળે છે. તમારા શરીરને સાચવતા શા માટે નથી ?” (પૃ.૨૨) સુશીલાના આવા વાક્યોમાં સુખલાલ પ્રત્યેની લાગણી જોવા મળે છે. આ ઉપરાંત બિમાર સુખલાલને મળવા માટે પણ સુશીલા હૉસ્પિટલમાં જતી. ત્યાં નર્સ લીના દ્વારા સુખલાલ પર વધારે અધિકાર જમાવતી જોઈને લીનાનું આ વર્તન સુશીલાને ક્યાંક ખુચતું હોય તેવું પણ લાગે છે. આ બાબત સુશીલાનો સુખલાલ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરે છે. ક્યાંકને ક્યાંક નર્સ લીનામાં પણ સુખલાલ પ્રત્યે દીકરા જેવો ભાવ વ્યક્ત થયો છે. પોતાના મૃત દીકરામાં લીના સુખલાલ પર માતૃપ્રેમ વરસાવતી હતી. આ ઉપરાંત સુશીલાની ભાભુ સાથે પણ સુશીલાનો લગાવ જોવા મળે છે. ભાભુ સુશીલાની અંતરની વેદના સમજી શકે છે. તેથી ભાભુ પણ સુશીલા અને સુખલાલ એક થાય અને નવદંપતિ તરીકે પ્રભુતાના પગરવ માંડે તેવો પૂરો પ્રયત્ન કરે છે અને ભાભુ અને ખુશાલના સહિયારા પ્રયત્નોથી તેમાં વિજય પણ પ્રાપ્ત થાય છે.

નવલકથામાં ઘણા એવા પ્રસંગો આવે છે જેમાં સુશીલાનું વાત્સલ્યસભર હૃદય સામે આવે છે. જ્યારે સુરજનો નાનો ભાઈ બિમાર સુરજના માથે મીઠાવાળા પાણીના પોતા મુકે છે તેમજ સુરજ સાથે છાણા વીણવા પણ જાય છે. આ દૃશ્યો જોતી સુશીલાને તેમના પ્રત્યે હેત ઉભરાઈ આવતું જોવા મળે છે.

સુશીલાના ભાભુમાં કરૂણા પણ જોવા મળે છે. દયાના સાગર એવા સુશીલાના ભાભુ હંમેશા બધાને ‘બચાડા જીવ’ જ માનતા. પછી ભલે સામેનો માણસ સારો હોય કે ન હોય. તેઓ બિમાર એવા જમાઈ સુખલાલ માટે હૉસ્પિટલમાં ચાદર અને ગાદલું આપવાની અનુમતિ આપે છે. આ ઉપરાંત સુખલાલની ખબર-અંતર પુછવા જાય છે ત્યારે બધાને પાંચ રૂપિયા ભેટ સ્વરૂપે વહેંચે છે. નવલકથામાં ખુશાલનું પાત્ર પણ પરોપકારી જીવ તરીકેની છાપ ઉપસાવે છે. બીજાને મદદ કરવી એને પોતાનો ધર્મ સમજતો હતો. સુખલાલની ડૂબતી નાવનો સહારો બનીને તેને મદદ કરે છે. જ્યારે સુખલાલ પાસે કંઈ કામ નથી હોતુ ત્યારે વાસણોની ફેરી કરવાના કામમાં તેને જોતરીને તેનો કમાવવાનો માર્ગ મોકળો કરે છે. સુખલાલ અને સુશીલાના લગ્ન થાય તે માટેના પાયાને મજબૂત કરવા માટે ખુશાલ મહત્ત્વનો ભાગ ભજવે છે. સુખલાલની મા જ્યારે મૃત્યુ પામે છે ત્યારે ખુશાલ સ્નેહી-સગાઓના પડખે રહેતો. બધાને પોતાની ઓરડીમાં નાહવા માટે ગરમ પાણીની સગવડ કરી આપતો. ખુશાલ હંમેશા બધાના સુખદુઃખનો સહભાગી બનતો જણાય છે. આમ, પરોપકારનું મૂલ્ય તેનામાં જોવા મળે છે.

જમાઈ સુખલાલની નસકોરી ફૂટવાથી તે બેભાન થઈ જાય છે. તે પ્રસંગ વખતે મોટા શેઠને આ વાતની જાણ થતાં તરત જ મોટર મોકલે છે અને સુખલાલને દવાખાને સારવાર માટે મોકલી આપે છે. ત્યારે ચંપક શેઠની કર્તવ્યતા જોઈ શકાય છે. આ ઉપરાંત ભાભુ અને સુશીલા સુખલાલના ઘરે જઈને ઘરને સંભાળી લે

છે. એક માનવતાના સબંધે તેઓ સુખલાલની બિમાર માની ચાકરી કરે છે. તેમજ નાના ભાઈ-બહેનની જવાબદારી પણ ઉપાડી લે છે.

સુખલાલ અને ખુશાલના પાત્રમાં હિંમતનાં દર્શન થાય છે. મોટા શેઠથી અડધૂત થયેલો સુખલાલ હિંમત કરીને મોટા શેઠને કહે છે કે "મારા બાપા સાથે શી સમજાવટ કરી છે." (પૃ.૧૩૪) તેમાં તેનો ગુસ્સો અને હિંમત બન્ને જોવા મળે છે. પોતાના થનાર સસરાથી અડધૂત થયો હોવા છતાં તે સુશીલાને પામવાની હિંમત રાખે છે. ખુશાલ પણ પૂછપરછ માટે આવેલ પોલીસ ઑફિસરની સામે થઈ જાય છે. તેની હિંમત સામે પોલીસ ઑફિસરો પણ નરમ પડી જાય છે.

આમ, 'વેવિશાળ'ની પાત્રસૃષ્ટિ જીવનમૂલ્યનિષ્ઠ છે. તેમનામાં રહેલા જીવનમૂલ્યો લોકોને સમસંવેદના, હિંમત, પરોપકારની ભાવના, દયા, ઉદારતા, કર્તવ્યતા પ્રત્યે સભાનતા વગેરેનો આર્વિભાવ કરવા પ્રેરે છે. જેનાથી સુઘડ વ્યક્તિત્વ પ્રદાન થઈ શકે.

**સંદર્ભસૂચિ**

૧.મેઘાણી, ઝવેરચંદ (૨૦૦૩). 'વેવિશાળ' ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ત્રીજી આવૃત્તિ.
૨.ત્રિવેદી, રમેશ એમ. (૨૦૧૯). 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ', આદર્શ પ્રકાશન, અમદાવાદ, આવૃત્તિ.
૩.જીવન મૂલ્ય (ભાગ-૧) (૨૦૧૮). (હિન્દી), પ્ર. ગ. સહસ્ત્રબુદ્ધે, સુરુચિ પ્રકાશન, કેશવકુંજ, છઠ્ઠી આવૃત્તિ.